દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રન્ટ પેજ

તારીખ:- ૧૩/૮/૨૦૨૫

સિટી એન્કર

ગત જૂનની સરખામણીમાં જુલાઈમાં પેસેન્જરોની સંખ્યામાં 12 ટકાનો વધારો

મેટ્રોમાં મુસાફરી કરનારામાં 70 ટકા લોકો વસ્ત્રાલથી થલતેજ રૂટના, જુલાઈમાં કોઈ મેચ ન હોવા છતાં સૌથી વધુ 44 લાખ પેસેન્જર નોંધાયા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ મેટ્રોમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યામાં જુલાઈમાં નોંધપાત્ર વધારો થયો છે. મેટ્રોમાં જુલાઈમાં મુસાફરી કરનારા પેસેન્જરોની સંખ્યા વધીને 44.04 લાખ સુધી પહોંચી ગઈ છે. જૂનની સરખામણીમાં જુલાઈમાં પેસેન્જરોની સંખ્યામાં 12 ટકાનો અને જુલાઈ 2024ની સરખામણીમાં આ વર્ષે 37 ટકાનો વધારો નોંધાયો છે. તેમાં પણ જુલાઈમાં શહેરમાં કોઈ મેચ કે અન્ય કોઈ કાર્યક્રમ ન હોવા છતાં પેસેન્જરોની સંખ્યા વધી છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ શહેરમાં ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામના રૂટ પર મેટ્રોમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યામાં સૌથી વધુ વધારો થયો છે, જેમાં શહેરમાં મેટ્રોમાં કુલ મુસાફરી કરતા પેસેન્જરોમાંથી 70 ટકા જેટલા પેસેન્જરો ફક્ત ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં જ મુસાફરી કરી રહ્યા છે. તેમાં પણ શાળા કોલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત પિક અવર્સમાં નોકરી-ધંધા માટે પૂર્વમાંથી પશ્ચિમ વિસ્તારમાં જતા લોકોની સંખ્યામાં સૌથી વધુ વધારો થયો છે. એ જ રીતે ફેઝ-2માં સચિવાલય, ગિફ્ટ સિટીમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. જુલાઈ 2024માં મેટ્રોમાં 32.16 લાખ પેસેન્જર નોંધાયા હતા. એટલે કે દર રોજ 1.07 લાખ પેસેન્જરો નોંધાયા હતા.

ફેબ્રુઆરીમાં સૌથી ઓછા 34.48 લાખે મુસાફરી કરી

મહિનો	સંખ્યા
જાન્યુઆરી	40.21 લાખ
ફેબ્રુઆરી	34.48 લાખ
માર્ચ	36.30 લાખ
એપ્રિલ	37.12 લાખ
મે	38.37 લાખ
જૂન	39.23 લાખ
જુલાઈ	44.04 લાખ

રોજ સરેરાશ 1.47 લાખ પેસેન્જર

જૂન 2025માં મેટ્રોમાં 39.23 લાખ પેસેન્જર નોંધાયા હતા. એટલે કે રોજ 1.30 લાખે મુસાફરી કરી હતી. જ્યારે જુલાઈમાં રોજ સરેરાશ 1.47 લાખ પેસેન્જર નોંધાયા છે.